# PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| જગ્યાનુ નામ: | Sub Inspector, Instructor (Class-III) |
| જાહેરાત ક્રમાંક: | ૧૮૭/૨૦૨૦-૨૧ |
| વિષય: | પેપર-૧ થી પેપર-૪ (મુખ્ય પરીક્ષા) |
| પરીક્ષાની તારીખ: | ૦૨/૦૫/૨૦૨૩ થી ૦૫/૦૫/૨૦૨૩ |
| કુલ પ્રશ્નો: | ૦૦૧-૧૦૦ |
| પ્રસિદ્ધિની તારીખ: | ૧૦/૦૫/૨૦૨૩ |
| સુચનો મોકલવાની અંતિમ તારીખ: | ૧૬/૦૫/૨૦૨૩ |

## ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં.

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સુચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિદ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિદ્ધ થયેલ પ્રોવિઝન આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં.

**(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધા રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઇએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.**

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સુચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાનમાં લેવાશે નહીં.

**(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા-સુચન રજૂ કરી શકશે.**

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

**પ્રશ્ન.** **નીચે દર્શાવેલ ફકરાનો અભ્યાસ કરીને તેની નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપેલ વિકલ્પોમાંથી પસંદ કરો.**

(A) વ્યક્તિમાં શક્તિ હોય પણ એ શક્તિને ખીલવવાનો અભ્યાસ ન હોય, જ્ઞાન ન હોય તો એ શક્તિ ઉપકારક થતી નથી. એ શક્તિ ખીલેલી હોય પણ એને સમાજહિતમાં જો તરવાની ભાવનાશક્તિ ન હોય તો પણ એ ઉપકારક બનતી નથી. અર્જુનમાં કર્મ, જ્ઞાન અને ભક્તિનો સમન્વય થયો છે એટલે નમ્રતાનો ગુણ ખીલેલો છે. યુધિષ્ઠિર આદર્શમૂર્તિ હોઈ આપણા વંદનીય લાગે છે. ભીમ વાસ્તવિક મૂર્તિ હોઈ એને વખાણીએ તોયે એની અને આપણી વચ્ચે અંતર હોય તેમ લાગે છે. જ્યારે અર્જુનમાં આદર્શ અને વ્યવહારના મધ્યમમાર્ગનું સંયોજન થયું હોય તેમ લાગે છે. તેના ઉપર વારી જઈએ છીએ. તે આપણને પ્રેરણા આપે તેવો ઉંચો હોવા છતાં તેને સ્થાને પહોંચી શકીએ. તેવું બળ પણ આપે છે. આથી તે મહાભારતનો, સમાજનો સંસારનો વીર નાયક છે. એ કેવળ મહાભારતનો વિજેતા નથી, પરંતુ જીવનનો વિજેતા સુદ્ધાં છે. આ ગુણો જ્યાં હોય ત્યાં વિજય, વિકાસ, સાંચું સુખ પ્રગટ્યા વિના ન રહે, તે વ્યાસનો અર્જુન દ્વારા સંદેશ છે.

**Q. 01** વ્યક્તિની શક્તિ ક્યારે ઉપકારક બને છે ?

(A) શક્તિનો અભ્યાસ હોય ત્યારે
(B) શક્તિને ખીલવવાનો અભ્યાસ અને જ્ઞાન હોય ત્યારે
(C) વ્યક્તિમાં શક્તિ હોય ત્યારે
(D) એકપણ નહીં.

**Q. 02** અર્જુનમાં કઈ બાબતોનું સંયોજન થયેલું છે?

(A) આદર્શ અને આચારનું
(B) મધ્યમમાર્ગનું
(C) વ્યવહારિતાનું
(D) આદર્શ અને વ્યવહારના મધ્યમમાર્ગનું.

**Q. 03** યુધિષ્ઠિરની ખાસિયત શું છે ?

(A) આદર્શમૂર્તિ હોવું
(B) જ્યેષ્ઠ હોવું
(C) સત્યના રસ્તે ચાલનાર હોવું
(D) વાસ્તવિક મૂર્તિ હોવું

**Q. 04** સંસારનો વીર નાયક કોને ગણાવાયો છે?

(A) ભીમ
(B) યુધિષ્ઠિર
(C) અર્જુન
(D) મહાભારત

**Q. 05** ...........નો સમન્વય અર્જુનમાં જોવા મળે છે.

(A) કર્મ અને જ્ઞાનનો
(B) કર્મ, જ્ઞાન અને ભક્તિનો
(C) જ્ઞાન અને ભક્તિનો
(D) આદર્શ અને વ્યવહારનો

**Q. 06** કોનું વ્યક્તિત્વ આપણને આકર્ષે છે ?

(A) અર્જુન (B) યુધિષ્ઠિર

(C) ભીમ (D) વ્યાસ

**Q. 07** વિજય, વિકાસ અને સાચું સુખ પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ ?

(A) મહાભારત જેમ લડવું (B) વ્યાસ મુનિનું અનુસરણ

(C) યુધિષ્ઠિર જેવા ગુણો વિકસાવવા (D) અર્જુન જેવા ગુણો વિકસાવવા

(B) વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાનાં મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રધ્ધાથી થાય છે, પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજુ કર્તવ્ય જાત પર કાબુ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાય તો વિશ્વની કોઈ પણ તાકાત તેને અટકાવી શકે નહિં. ત્રીજું કર્તવ્ય સેવા ભાવાનાનું, સેવા વિના જ્ઞાન નથી. મહાભારતના યક્ષપર્વમાં વૃધ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુધ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુધ્ધિ સંકુચિત ન જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવા જોઈએ.

– વિનોબા ભાવે

**Q. 08** વિનોબાજીએ અહીં વિદ્યાર્થીના કેટલાં કર્તવ્યોની વાત કરી છે?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

**Q. 09** શ્રદ્ધા વડે ...........ની શરૂઆત થાય છે.

(A) સ્વતંત્રતા (B) વિદ્યા

(C) જ્ઞાન (D) સત્ય

**Q. 10** અવલોકન કેવી રીતે કરવું જોઈએ ?

(A) તટસ્થબુદ્ધિથી (B) સંકુચિત મનથી

(C) સેવા કરીને (D) શ્રદ્ધાથી

**Q. 11** સ્વચિંતનથી શું મેળવી શકાય છે ?

(A) વિદ્યા (B) જ્ઞાન

(C) પરિસમાપ્તિ (D) બુદ્ધિ

**Q. 12** કયા કર્તવ્ય થકી સેવાની વાત કરવામાં આવી છે ?

(A) પહેલાં (B) બીજા

(C) ત્રીજા (D) ચોથા

**Q. 13** વિદ્યાર્થીને કયો અધિકાર પ્રાપ્ત થયો છે ?

(A) પરિસમાપ્તિનો (B) જ્ઞાનપ્રાપ્તિનો

(C) સંકલ્પ કરવાનો (D) પરિપૂર્ણ સ્વતંત્રતાનો

**Q. 14** વૃદ્ધોની સેવાનો ઉલ્લેખ ........ માં કરવામાં આવ્યો છે.

(A) તટસ્થપણામાં (B) મહાભારતના યક્ષપર્વમાં

(C) કર્તવ્યમાં (D) સેવામાં

**Q. 15** નીચેનામાંથી કઈ જોડી અનુચિત છે ?

(A) દિમાગ - વિશાળ (B) શ્રદ્ધા - વિદ્યા

(C) બુદ્ધિ - સંકુચિત (D) મગજ - સ્વતંત્ર

**પ્રશ્ન નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી?**

**Q. 16** (A) પાડ (B) ઉપકાર

(C) પહાડ (D) આભાર

**Q. 17** (A) અરિ (B) તનય

(C) રિપુ (D) શત્રુ

**Q. 18** (A) સોમ (B) શશી

(C) ઈન્દુ (D) રવિ

**Q. 19** (A) કાલિન્દી (B) શર્વરી

(C) નિશા (D) રજની

**Q. 20** (A) અસિ (B) શર

(C) ઈષુ (D) સાયક

**પ્રશ્ન નીચેનામાંથી કયુ જૂથ સમાનાર્થી નથી?**

**Q. 21** (A) સંદેહ - શંકા (B) વદન - ચહેરો

(C) અભિશાપ - દુઆ (D) કપાળ - ભાલ

**Q. 22** (A) નિમાણો - ઉદાસ (B) કંચન - હેમ

(C) પતીજ - ભરોસો (D) કરાલ - ઘોર

**Q. 23** (A) સમુદ્ર - મેરામણ (B) વજીર - અનુચર
(C) રસમ - રુઢિ (D) સુધા - અમી

**Q. 24** (A) પ્રપાત - ધોધ (B) શૃંગ - કોતર
(C) સુત તનુજ (D) ભોર - મળસકું

**પ્રશ્ન** **નીચે દર્શાવેલ શબ્દો માટે આપેલ વિકલ્પોમાંથી વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો.**

**Q. 25** કૃતજ્ઞ
(A) કૃતઘ્ન (B) ઉપકારી
(C) સુંદર (D) સબળ

**Q. 26** તિમિર
(A) તમરું (B) પ્રભાત
(C) અંધકાર (D) ઉજાસ

**Q. 27** શુષ્ક
(A) લીલું (B) આર્દ્ર
(C) ભીનું (D) શિથિલ

**પ્રશ્ન** **નીચેનામાં વિરુદ્ધાર્થી શબ્દોની સાચી જોડી શોધીને લખો.**

**Q. 28** (A) શિખર - તળેટી (B) તૃષ્ણા - લાલસા
(C) આયુધા - શસ્ત્ર (D) લતા - વેલ

**Q. 29** (A) નેણ - લોચન (B) ઈતર - અન્ય
(C) ધિક્કાર - પ્રેમ (D) પાપ - ચરણ

**Q. 30** (A) મિથ્યા - વ્યર્થ (B) સૌમ્ય - રૌદ્ર
(C) સન્નિધિ - સમીપતા (D) રવ - ધ્વનિ

**પ્રશ્ન** **નીચે દર્શાવેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપેલ વિકલ્પોમાંથી શોધીને લખો ?**

**Q. 31** મનમાં ચિંતા હોય તે
(A) વિયોગ (B) પોમેડ
(C) ઉદ્વેગ (D) કૂથલી

**Q. 32** હથિયાર તરીકે ફૂલનો ઉપયોગ કરનાર કામદેવ

(A) પુષ્પધન્વા (B) શસ્ત્રપુષ્પા

(C) પુષ્પિતા (D) કામપુષ્પા

**Q. 33** તડકાની પડખે ઊભા રહેવું તે

(A) આતપ (B) પ્રખરતા

(C) તડકાઈ (D) પડતપણું

**Q. 34** અડધી મીંચાયેલી અને અડધી ખુલ્લી આંખ

(A) અનિમેષ (B) અર્ધનિમીલિત

(C) અર્ધબીડેલી (D) એકપણ નહીં.

**Q. 35** ઉકેલી ન શકાય તેવી સમસ્યા

(A) મડાગાંઠ (B) સમસ્યાનિસકરણ

(C) વણઉકેલ (D) અણઉકેલ

**Q. 36** બજારમાં જઈને કરવામાં આવતી ખરીદી

(A) અથાણું (B) હટાણું

(C) ગમાણું (D) ભરમાણું

**Q. 37** એક થઈ જવું તે

(A) એકાંત (B) એકલપેટો

(C) સાયુજ્ય (D) એકલવાયું

**Q. 38** મરણ પાછળ રોવા કૂટવાનો લૌકિક રિવાજ

(A) કાણ (B) રુદન

(C) સૂતક (D) સજ્જા

**પ્રશ્ન** **નીચે દર્શાવેલ પ્રશ્નોની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો**

**Q. 39** 'નૃત' શબ્દને 'કૃત' પ્રત્યય લગાડતાં ક્યો શબ્દ બને?

(A) નર્તક (B) નર્તકી

(C) નર્તન (D) અનૃત

**Q. 40** 'પરાવર્તન' શબ્દમાં ક્યો પ્રત્યય લાગેલો છે?

(A) પર પ્રત્યય (B) તદ્ધિત પ્રત્યય

(C) પૂર્વ પ્રત્યય (D) કૃત પ્રત્યય

**Q. 41** 'શંકર' શબ્દમાં કયો પૂર્વ પ્રત્યય છે?

(A) શ (B) કર

(C) A અને B (D) શમ્

**Q. 42** 'વારિ' શબ્દનો સાચો અર્થ જણાવો?

(A) વારો (B) વાર

(C) દિવસ (D) નીર

**Q. 43** 'સરત' શબ્દનો અર્થ જણાવો?

(A) હોડ (B) નજર

(C) કરાર (D) ભેટ

**Q. 44** 'સીમંત' શબ્દનો સાચો અર્થ શું થાય?

(A) અઘરણી (B) પૈસાદાર

(C) ધનિક (D) શ્રીમંત

**Q. 45** 'સ્ત્રોત' શબ્દનો અર્થ શું થાય ?

(A) સ્તવન (B) પ્રાર્થના

(C) સ્તુતિ (D) ઝરણું

**Q. 46** 'વીશી' શબ્દ નીચેમાંથી શેના માટે વાપરી શકાય ?

(A) જુગાર (B) વિંછુંડો

(C) ભોજનાલય (D) મંકોડો

**Q. 47** 'જંતર' તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો.

(A) મંતર (B) તંતુવાદ્ય

(C) જાદુ (D) વશીકરણ

**Q. 48** નીચેનામાંથી કયા શબ્દનો તળપદો શબ્દ 'પેટિયુ' થાય?

(A) પેટને લગતું (B) ભૂખ

(C) ક્ષુધા (D) રોજીરોટી

**Q. 49** સાંજના ભોજન માટે ક્યો તળપદો શબ્દ પ્રયોજાય છે?

(A) ડીનર (B) વાવડ

(C) વાળુ (D) ખળુ

**Q. 50** તળપદો શબ્દ 'મોહુંઝણું' શેના માટે વપરાય છે?

(A) સંધ્યા (B) પરોઢ

(C) અરીસામાં મોં જોવું (D) મોં સૂઝી જવું

**Q. 51** 'એક સાંધીએ ત્યાં તેર તૂટે!' કહેવતનો અર્થ શું થાય ?

(A) ફાટેલા કપડાંને એક જગ્યાએથી સાંધો, ત્યાં બીજી બાજુએથી ફાટે!

(B) આપણાં જીવનમાં પુષ્કળ મુશ્કેલીઓ છે.

(C) એક મુશ્કેલી માંડ હલ કરો, ત્યાં બીજી અનેક મુશ્કેલીઓ જીવનમાં આવી પડે!

(D) ફાટેલી વસ્તુને સાંધવાનો પ્રયત્ન ન કરાય.

**Q. 52** 'ઝાઝા હાથ રળિયામણા' કહેવતનો અર્થ જણાવો.

(A) ઝાઝી સુયાણીએ વેતર વંઠે!

(B) બહુ વિચાર કરવાથી કામ બગડે જ છે.

(C) વિચાર કર્યા વગર કોઈ કામ જ ન કરવું!

(D) સૌના સહકારથી કામ કરવાથી હંમેશ લાભ થાય છે.

**Q. 53** 'બાંધી મૂઠી લાખની !' કહેવતની સમજૂતી આપો.

(A) મૂઠીઓ તો બંધ રાખવી જ સારી.

(B) જ્યાં સુધી માહિતી જાહેર ન થાય, ત્યાં સુધી રહસ્ય સચવાઈ રહે છે.

(C) હથેળી બંધ રાખવી જેથી પૈસા મળે.

(D) જે ટેવ પડી હોય, તે કદાપિ ટળતી નથી.

**Q. 54** 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવું' કહેવતની વિરુદ્ધાર્થી કહેવત જણાવો.

(A) અવસરે જ આંબા પાકે (B) હોઠ સાજા તો ઉત્તર ઝાઝા

(C) ચા કરતાં કીટલી વધુ ગરમ (D) સાઠે બુદ્ધિ નાઠી.

**Q. 55** 'અધૂરો ઘડો છલકાય ઘણો' કહેવતની સમાનાર્થી કહેવત જણાવો.

(A) છાશ લેવા જવું ને દોણી સંતાડવી.

(B) પીળું એટલું સોનું નહિ.

(C) ખાલી ચણો વાગે ઘણો

(D) ધરમ કરતાં ધાડ પડી.

**Q. 56** 'મનના મેલા હોવું' રુઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) કોઈને હેરાનગતિ કરવી (B) મનમાં ખોટી વાતો ભરાઈ જવી.

(C) ખરાબ દાનતના હોવું (D) કોઈના વાંકે, કોઈને સજા કરવી.

**Q. 57** 'એકના બે ન થવું' રુઢિપ્રયોગનો અર્થ આપો.

(A) જીદ્દી વલણ છોડી દેવું. (B) પોતાની વાતમાં મક્કમ રહેવું.

(C) લગ્ન જ ન કરવા (D) જક્કી બની જવું.

**Q. 58** 'કારગત નીવડવું' રુઢિપ્રયોગનો અર્થ આપો.

(A) પોતાના કાર્યમાં નિપુણ બનવું. (B) નિષ્ફળ જવું.

(C) સફળ થવું. (D) કારવાઈ કરવી

**Q. 59** 'ફાંફાં મારવા' રુઢિપ્રયોગનો અર્થ દર્શાવો.

(A) વ્યર્થ પ્રયત્ન કરવો. (B) આજુબાજુ જોયા જ કરવું.

(C) તેની સામે જ જોયા કરવું. (D) એકીટશે નિરખવું.

**Q. 60** નીચે દર્શાવેલ રુઢિપ્રયોગ - અર્થની જોડીમાંથી કઈ જોડી બંધબેસતી નથી ?

(A) સૂગ હોવી - અણગમો દર્શાવવો

(B) માથે હાથ ફેરવવો - આશિષ આપવા

(C) આઠે પહોર આનંદ થવો - આઠ વર્ષે આનંદ થવો.

(D) હવાલો આપવો - સંદર્ભ આપવો

**Q. 61** 'મુંજે ફરીથી ઊંચે જોયું, એક હાસ્યબાણ છોડ્યુ !' અહીં આપેલ પંક્તિમાં અલંકાર ઓળખો.

(A) વ્યતિરેક અલંકાર (B) રૂપક અલંકાર

(C) ઉત્પ્રેક્ષા અલંકાર (D) ઉપમા અલંકાર

**Q. 62** 'દીવા નથી દરબારમાં, છે અંધારું ઘોર!' આ પંક્તિમાં કયો અલંકાર જોવા મળે છે?

(A) શ્લેષ અલંકાર (B) ઉત્પ્રેક્ષા અલંકાર

(C) અનન્વય અલંકાર (D) રૂપક અલંકાર

**Q. 63** 'સજીવારોપણ' અલંકારવાળી પંક્તિ દર્શાવો.

(A) પાસે ઊભી ગાય જેવો જ હું છું.

(B) કારણ પ્રીતિનું પ્રીતિ, પ્રેમની લક્ષ્મી તે બધી!

(C) હણોના પાપીને, દ્વિગુણી બનશે પાપ જગનાં!

(D) રાત્રે સડક પણ પડખું ફેરવીને સૂઈ જતી.

**Q. 64** 'વ્યાજ સ્તુતિ' અલંકારવાળી પંક્તિ દર્શાવો.

(A) તપેલી તપેલી છે.

(B) ગાંધીજી એટલે ગાંધીજી

(C) શી તમારી બહાદુરી? ઉંદર જોઈને નાઠા !

(D) ઝૂકી ઝાડના ઝૂંડની ઝાડી!

**Q. 65** 'ચંદનડાળે' સમાસનો પ્રકાર લખો.

(A) તત્પુરુષ સમાસ (B) ઉપપદ સમાસ
(C) કર્મધારય સમાસ (D) દ્વંદ્વ સમાસ

**Q. 66** નીચે દર્શાવેલ સમાસ અને તેના પ્રકારમાંથી કયો ખોટો છે?

(A) મહાસિધ્ધિ - કર્મધારય સમાસ (B) જકાતનાકુ - મધ્યમ પદલોપી સમાસ
(C) સોનામહોર - દ્વંદ્વ સમાસ (D) ગૌરવપ્રદ - ઉપપદ સમાસ

**Q. 67** 'સૂર્યમુખીનાં ખેતરો વઢાઈ જાય......' અહીં 'સૂર્યમુખી' કયો સમાસ દર્શાવે છે ?

(A) ઉપપદ (B) મધ્યમ પદલોપી
(C) કર્મધારય (D) બહુવ્રીહિ

**Q. 68** 'પશ્ચાતાપ' ની સંધિ છોડો.

(A) પશ + ચાતાપ (B) પશ્ચાત્ + તાપ
(C) પશ્ચ + આતાપ (D) પશ્ચ + ચાતાપ

**Q. 69** 'અન્વેષણા' ની સંધિ છોડો.

(A) અનુ + એષણા (B) અનુ + ઐષણા
(C) અન + વૈંષ્ણા (D) અન + એષણા

**Q. 70** 'નિ + ઊન'ની સંધિ જોડો.

(A) નિયોન (B) નયન
(C) નિયુન (D) ન્યૂન

**Q. 71** 'અતિ + અલ્પ' ની સંધિ જોડો.

(A) અતિઅલ્પ (B) અત્યલ્પ
(C) અતીલ્પ (D) એક પણ નહીં

**Q. 72** નીચેનામાંથી કઈ જોડણી સાચી છે?

(A) ગિરિશૃંગ (B) ગિરીશૃંગ
(C) ગીરીશૃંગ (D) ગિરીશ્રુંગ

**Q. 73** નીચેનામાંથી સાચી જોડણી શોધીને લખો.

(A) પુર્વશરત (B) સર્મપણ
(C) અતિસૂક્ષ્મ (D) મનોચિકીસ્તક

**Q. 74** નીચેનામાંથી કંઈ જોડણી ખોટી છે?

(A) પરિમલ (B) નૈસર્ગિક

(C) પ્રેમશૌર્ય (D) દિપ્તીવંત

**Q. 75** નીચેનામાંથી કંઈ જોડણી ખોટી છે?

(A) સ્મૃતિશક્તિ (B) આત્મસિદ્ધિ

(C) પાણિયારું (D) પરિચારીકા

**Q. 76** નીચેના વાક્યમાં રહેલું ક્રિયા વિશેષણ શોધીને લખો.

'ઘડિયાળના કાંટા એકબીજાની નજીક આવવા લાગ્યા'

(A) કાંટા (B) નજીક

(C) ઘડિયાળ (D) લાગ્યા

**Q. 77** 'નર્મદાએ હંમેશાં મને ઝંકૃત કર્યો છે.' વાક્યમાં કયા ક્રિયા વિશેષણનો ઉપયોગ જોવા મળે છે?

(A) હંમેશાં (B) ઝંકૃત

(C) નર્મદાએ (D) મને

**Q. 78** 'કાળુની આંખમાંથી <u>ડબડબ</u> અશ્રુઓ વહી રહ્યાં!' અહીં રેખાંકિત ક્રિયા વિશેષણનો પ્રકાર જણાવો.

(A) સમયવાચક (B) સ્થળવાચક

(C) રીતવાચક (D) નિષેધવાચક

**Q. 79** નીચેનામાંથી કયુ ક્રિયા વિશેષણ સમયવાચક ક્રિયા વિશેષણનું ઉદાહરણ નથી?

(A) આજકાલ (B) મધરાતે

(C) હમણાં (D) ધીમેધીમે

**Q. 80** નીચેનામાંથી કર્તરિ વાક્યનું ઉદાહરણ શોધીને દર્શાવો.

(A) મૃણાલવતીથી બહાર અટારીમાં અવાયું.

(B) તમારાથી મીરાને કહેવાય ખરું?

(C) રાજાએ ગરીબો માટે કેન્દ્રો ખોલ્યાં

(D) મારાથી એ કામ થઈ શકે નહીં.

**Q. 81** 'સુહાસે સર્વે પ્રયત્નો કર્યા.' વાક્યનું ઉચિત કર્મણિ વાક્ય શું થશે?

(A) સુહાસે સર્વે પ્રયત્નો કરેલા. (B) સુહાસ દ્વારા સર્વે પ્રયત્નો કરાયા.

(C) સુહાસથી સર્વે પ્રયત્નો કરાશે. (D) સુહાસ બધા પ્રયત્નો કરે છે.

**Q. 82** 'ખેતરને શેઢેથી સારસીથી ઊડી જવાયું' વાક્યનું ઉચિત કર્તરિ વાક્ય શું થશે?

(A) ખેતરના શેઢાની સહાયથી સારસી ઊડી!

(B) ખેતરમાં શેઢેથી સારસી ઊડી હતી.

(C) ખેતરના શેઢામાંથી સારસી જરૂર ઊડશે.

(D) ખેતરને શેઢેથી સારસી ઊડે ગઈ.

**Q. 83** 'સૌમ્યાએ કશો જવાબ આપ્યો નહિ' વાક્યને કર્મણિ વાક્યમાં ફેરવો.

(A) સૌમ્યાથી કશોક જવાબ અપાશે.

(B) સૌમ્યાએ સૌને જવાબ આપ્યો.

(C) સૌમ્યાથી કશો જવાબ અપાયો નહિ.

(D) સૌમ્યા ક્યારેક તો જવાબ આપશે.

**Q. 84** નીચેનામાંથી કર્મણિ વાક્યનું ઉદાહરણ શોધીને દર્શાવો.

1. મારાથી પત્ર લખવા ઓફિસે જવાયું.
2. અદ્વૈત અમેરિકામાં ભણીગણીને ડોકટર થયો.
3. સુગંધાએ ન બોલવાના સોગંદ લીધા હતા.
4. કર્ણ વડે સૂરજની સ્તુતિ કરાય છે.

(A) 1 અને 3 (B) 2 અને 4

(C) તમામ (D) 1 અને 4

**Q. 85** 'હેત કવિતા ગાય છે'-વાક્યનું પ્રેરક વાક્ય બનાવો.

(A) હેતથી કવિતા ગવાઈ

(B) સંગીતકાર હેત પાસે કવિતા ગવડાવે છે.

(C) હેતે શુંકામ કવિતા ગાવી જોઈએ?

(D) હેતે સરસ કવિતા ગાઈ.

**Q. 86** નીચેનામાંથી પ્રેરક વાક્યનું ઉદાહરણ શોધીને લખો.

(A) કર્ણે રથને હાજર કર્યો.

(B) વેપારીએ સિક્કા પેટીમાં મૂકી દીધાં.

(C) શિક્ષકે મોહિત પાસે બધા દાખલા ગણાવ્યા.

(D) અધિકારીનો હુકમ અસરકારક હતો.

**Q. 87** મહારાજ તો ખુશ થઈ ગયા. - વાક્યને 'ભાવે પ્રયોગ'માં ફેરવો.

(A) મહારાજ ખુશ થાય છે.

(B) મહારાજ ખુશ થઈ જશે.

(C) મહારાજ તો ખુશ થાય જ છે!

(D) મહારાજથી ખુશ થઈ જવાયું.

**Q. 88** 'મારાથી મક્કમ રહેવાયું.' - વાક્યની રચનાનો પ્રકાર જણાવો.

(A) ભાવે પ્રયોગ (B) પ્રેરક

(C) કર્તરિ (D) ઉદગારવાચક

**Q. 89** નીચે દર્શાવેલ વાક્યોમાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દ્રષ્ટિએ સાચું વાક્ય શોધીને લખો.

(A) સુભગ સંયોગ ભોજા સમક્ષને આવી ઊભો.

(B) સુભગ સંયોગ ભોજા સમક્ષ આવી ઊભો.

(C) સૂભગ સંયોગ ભોજા સમક્ષ આવી ઊભો.

(D) સુભગ સંયોગ ભોજા સમક્ષ આવી ઉભો.

**Q. 90** નીચેના વાક્યમાં ભૂલ શોધો.

'પાનખર ઋતુમાં એ એક અતિશય ઠંડીમાં રાત હતી.'

(A) ઋતુમાં (B) એક અતિશય

(C) ઠંડીમાં (D) ઋતુમાં ઠંડીમાં

**Q. 91** નીચે દર્શાવેલ વાક્યોમાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દ્રષ્ટિએ કયુ વાક્ય ખોટું છે.?

(A) ઉછીનું માગનારાઓ પરોપજીવી વનસ્પતિ જેવા હોય છે.

(B) પછી ચોર કોટવાળાને દંડે તેવું તેમણે કર્યું.

(C) અમરનાથ જવા માટે અષાઢ કે શ્રાવણ માસ અનુકૂળ રહે છે.

(D) આ કાવ્ય સુંદરીનું નથી, સૌંદર્ય માંગલ્યનું છે.

**Q. 92** નીચેના વાક્યને યોગ્ય પદક્રમ અને પદસંવાદની દ્રષ્ટિએ ગોઠવી ફરી લખો.

'રાજીનામું લખી શ્રી પ્રભાશંકરે આપ્યું પોતાનું મહારાજાને.'

(A) શ્રી પ્રભાશંકરે લખી આપ્યુ રાજીનામું પોતાનું મહારાજાને.

(B) મહારાજાને લખી આપ્યુ પોતાનું રાજીનામું શ્રી પ્રભાશંકરે.

(C) શ્રી પ્રભાશંકરે પોતાનું રાજીનામું લખી મહારાજાને આપ્યું.

(D) શ્રી પ્રભાશંકરે પોતાનું રાજીનામું આપ્યું લખીને મહારાજાને .

**Q. 93** નીચેના વાક્યને યોગ્ય પદક્રમ અને પદસંવાદની દ્રષ્ટિએ ગોઠવી ફરી લખો.

'બીજા કોઈ ખાવાની પદાર્થ ઈચ્છા નહોતી થતી સ્વાદ માટે.'

(A) સ્વાદ માટે બીજો કોઈ પદાર્થ ખાવાની ઈચ્છા નહોતી થતી.

(B) બીજો કોઈ પદાર્થ ખાવાની સ્વાદ માટે ઈચ્છા નહોતી થતી.

(C) સ્વાદ માટે ખાવાની ઈચ્છા બીજો કોઈ પદાર્થ નહોતી થતી.

(D) ખાવાની ઈચ્છા બીજો કોઈ પદાર્થ સ્વાદ માટે નહોતી થતી.

**Q. 94** નીચે દર્શાવેલ વાક્યને સંયુક્ત - સંકુલ વાક્યમાં ફેરવીને લખો.

'એની જમીન બહુ કઠણ નહોતી. સાદી નાની કોશ વડે પણ એનું ખોદકામ એકલે હાથે થઈ શકતું' .

(A) એની જમીન બહુ કઠણ નહોતી નહિતર સાદી નાની કોશ વડે પણ એનું ખોદકામ એકલે હાથે થઈ શકતું.

(B) એની જમીન બહુ કઠણ નહોતી તેથી સાદી નાની કોશ વડે પણ એનું ખોદકામ એકલે હાથે થઈ શકતું.

(C) એની જમીન બહુ કઠણ નહોતી, સાદી નાની કોશ વડે પણ એનું ખોદકામ એકલે હાથે થઈ શકતું.

(D) સાદી નાની કોશ વડે પણ એનું ખોદકામ એકલે હાથે થઈ શકતું પણ એની જમીન બહુ કઠણ નહોતી.

**Q. 95** નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ ના બદલાય તે રીતે ફરીથી લખો.

'અખિલ બ્રહ્માંડમાં શ્રી હરિ એક જ છે.'

(A) અખિલ બ્રહ્માંડમાં શ્રી હરિ અનેક છે.

(B) અખિલ બ્રહ્માંડમાં શ્રી હરિ ક્યાંય નથી.

(C) અખિલ બ્રહ્માંડમાં શ્રી હરિ અનેક છે જ નહિ.

(D) અખિલ બ્રહ્માંડમાં શ્રી હરિ એકથી વધારે છે.

**Q. 96** નીચે દર્શાવેલ વાક્યમાં કયા સંયોજકનો ઉપયોગ થયેલ છે?

'એ લોકોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે મૃત્યુદંડની સજા એક પ્રકારની જૂની પુરાણી અને અનૈતિક સજા છે.'

(A) અને (B) કે

(C) A અને B (D) એકપણ નહીં

**Q. 97** નીચેનામાંથી સમાન અર્થ ધરાવતી કહેવતની જોડી પસંદ કરો.

(A) ઉતાવળે આંબા ન પાકે - ગાજ્યા મેહ વરસે નહિ.

(B) નમે તે સૌને ગમે - નીચી બોરડીને સૌ કોઈ ઝૂડે.

(C) જમવામાં જગલો ને કૂટવામાં ભગલો - પાડાના વાંકે પખાલીને ડામ.

(D) બળિયાના બે ભાગે - બળથી ના થાય તે કળથી થાય.

**Q. 98** નીચે દર્શાવેલ વાક્યોમાંથી કયા વાકયમાં યોગ્ય રીતે રૂઢિપ્રયોગનો ઉપયોગ થયેલ છે?

(A) અકસ્માતમાં ઘવાયેલ માણસ રસ્તા વચ્ચે કણસતો રહ્યો.

(B) જે લોકો પોતાનામાં જ રચ્યાપચ્યા રહે છે તેઓ પરાઈ પીડ સારી રીતે જાણતા હોય છે.

(C) સંજયને બે પુરસ્કાર મળતા તેની પરિસ્થિતિ નહિ ઘરના કે નહિ ઘાટના જેવી થઈ.

(D) ઉપરના તમામ

**Q. 99** નીચેના શબ્દના સાચા ધ્વનિ ઘટક ઓળખો.

અલૌલિક

(A) અ્ + લ્ + ઔ + ક્ +ઈ+ ક્

(B) અ + લ + અ + ઉ + ક્ + ઈ + ક્ + અ

(C) અ + લ્ + ઔ + ક્ + ઈ + ક્

(D) અ + લ્ + અ + ઊ + ક્ + ઈ + ક્

**Q. 100** નીચે દર્શાવેલ ધ્વનિ - ઘટકના આધારે કયો શબ્દ બનશે ?

શ્ + ઈ + ખ્ + આ + મ્ + અ + ણ્

(A) શીખામણ (B) શિખામણ

(C) શીખમણ (D) શિખમણ

--------------